# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. દેશમાંથી નકસલવાદ અને માઓવાદને જડમૂળથી નેસ્તનાબૂદ કરવાનો સંકલ્પ કરતાં પ્રધાનમંત્રી - રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિએ સરદાર પટેલને શ્રદ્ધાંજલી અર્પી
2. પ્રજાસત્તાક પર્વની તર્જ ઉપર દેશમાં પ્રથમ વખત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલની 150મી જન્મજયંતી નિમિત્તે એકતા પરેડ યોજાઇ.. પ્રધાનમંત્રીએ પરેડની સલામી ઝીલી
3. ભારત અને અમેરિકાએ સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા.
4. ભાજપે બિહાર વિધાનસભાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો - મહાગઠબંધન સહિતના પક્ષોની તડમાર તૈયારીઓ
5. ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે બીજો મુકાબલો

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને એક થવા સાથે વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા અને રાષ્ટ્રની પ્રગતિ માટે પોતાને સમર્પિત કરવા અપીલ કરી છે. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે એકતા નગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પ્રસંગે વિશાળ સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે ૨૦૧૪ થી સરકારે નક્સલવાદ અને માઓવાદી આતંકવાદને પ્રચંડ ફટકો આપ્યો છે. તેમણે માઓવાદ અને નકસલવાદને નેસ્તનાબૂદ કરવાનો સંકલ્પ કર્યો હતો.

(બાઇટ- નરેન્દ્ર મોદી ,પ્રધાનમંત્રી પીએમ સંકલ્પ )

પ્રધાનમંત્રીએ કરોડો લોકો દ્વારા લેવામાં આવેલા એકતાના શપથમાં રાષ્ટ્રવ્યાપી ભાગીદારી પર પ્રકાશ પાડ્યો, રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવાના સામૂહિક સંકલ્પ લઇને રન ફોર યુનિટી દેશભરમાં યોજાઇ રહી હોવાનું પણ તેમણે કહ્યું હતું.સ્વતંત્રતા પછી, સરદાર પટેલે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ના વિઝનને મૂર્તિમંત કરીને **550** થી વધુ રજવાડાઓને એક કરવાનું અશક્ય કાર્ય શક્ય કર્યું હતું.

(બાઇટ- **PM-RUN FOR UNITY**)

શ્રી મોદીએ જણાવ્યું કે જમ્મુ કાશ્મીરમાં કલમ 370નો અમલ કરવામાં આવ્યો

(બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી ( **J&K 370**))

શ્રી મોદીએ વિપક્ષ પર પણ રાજકિય રાગદ્વેષ રાખવાનો આરોપ લગાવીને પ્રહારો કર્યા હતા.

(બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી (OPOSITION)

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ સૌને એકતા શપથ લેવડાવ્યાં હતાં.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## EKTA DIWAS CELEBRATION

અગાઉ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મ જયંતી નિમિતે ગુજરાતનાં કેવડીયા ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિવિધ રાજ્યો દ્વારા પરેડ યોજાઇ હતી. જેમાં નારી સશક્તિકરણને પ્રાધાન્ય આપી મહિલાઓએ વિવિધ દળોનું નેતૃત્વ સંભાળ્યું હતું. સાંભળીએ એક અહેવાલ...

**(V/C – KARAN PARMAR)**

*(એકતા પરેડમાં વિવિધ દળો અને બેન્ડએ ભાગ લીધો હતો. જેમાં સીમા સુરક્ષા દળ બેન્ડ, આઈટીબીપી, સીઆઈએસએફ બેન્ડ, આંધ્રપ્રદેશ, આસામ, છત્તીસગઢ, જમ્મુ-કાશ્મીર સહિતના રાજ્યોની પોલીસ ટુકડીઓ, શ્વાન, અશ્વ અને ઊંટ સહિતના દળોએ રાષ્ટ્રીય એકતા, શાંતિ, શિસ્ત અને મહિલા સશક્તિકરણના પ્રતિકરૂપ પ્રદર્શન કર્યું હતું.*

*આ સાથે પ્રથમવાર એકતાનગર ખાતે દિલ્લીના ગણતંત્ર દિવસની તર્જ પર સશસ્ત્ર દળ અને વિવિધ રાજ્યો દ્વારા પોતાની વિશેષતાઓ અને સિદ્ધિઓ દર્શાવતા ટેબ્લો પ્રસ્તુત કરવામાં આવ્યા હતાં. ટેબ્લો પરેડમાં ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરાયેલો અને અખંડ ભારતના નિર્માણમાં*

*સરદાર સાહેબના અમૂલ્ય યોગદાનને ઉજાગર કરતો ટેબ્લો લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.*

*અહીં હવાઈ દળ દ્વારા એર શો, ગુજરાત પોલીસ અને સીઆરપીએફની મહિલા કર્મીઓ દ્વારા સંયુક્ત વેપન ડ્રિલનું નિર્દેશન, સીઆઈએસએફ દ્વારા પારંપરિક યુદ્ધ કલા પ્રદર્શન, બીએસએફ દ્વારા ડોગ શો સહિતના અદ્દભુત પ્રદર્શનોએ સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં.)*

*કરન પરમાર, આકાશવાણી સમાચાર, અમદાવાદ*

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# VP- SARDAR PATEL

સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હી ખાતે લોખંડી પુરૂષ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી હતી.. તેમણે સરદાર પટેલની જન્મજયંતિની શુભકામના પાઠવતા સોશિયલ મીડિયા પોસ્ટમાં સરદાર પટેલને દૂરદર્શી નેતા અને રાષ્ટ્ર નિર્માતા તરીકે લેખાવ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપતા સરદાર પટેલના અટલ સંકલ્પ અને દ્રષ્ટિકોણથી વિવિધતા ધરાવતા રાષ્ટ્રને એક લોકશાહી પ્રજાસત્તાકમાં જોડવામાં આવ્યું હોવાનું કહ્યું હતું.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી રાધાકૃષ્ણને નાગરિકોને એકતા અને અખંડિતતાના શ્રી પટેલના આદર્શોને જાળવી રાખવા માટે ફરીથી પ્રતિબદ્ધ થવા આહ્વાન કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## PM-MODI--ARYA-SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે નવી દિલ્હીના રોહિણી ખાતે આંતરરાષ્ટ્રીય આર્ય સમિટ 2025માં ભાગ લેશે. આ કાર્યક્રમ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની 200મી જન્મજયંતિ અને આર્ય સમાજની સમાજ

સેવાના 150 વર્ષની ઉજવણી નિમિત્તે જ્ઞાન જ્યોતિ મહોત્સવનો એક ભાગ છે. પ્રધાનમંત્રી આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે.

આ સમિટ ભારત અને વિદેશમાં આર્ય સમાજ એકમોના પ્રતિનિધિઓને એકસાથે લાવશે, જે મહર્ષિ દયાનંદના સુધારાવાદી આદર્શોની સાર્વત્રિક સુસંગતતા અને સંગઠનના વૈશ્વિક આઉટરીચને પ્રતિબિંબિત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA-US DEFENCE AGREEMENT

ભારત અને અમેરિકાએ આજે આગામી 10 વર્ષ માટે સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ માટે એક ફ્રેમવર્ક કરાર પર હસ્તાક્ષર કર્યા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે તેમણે મલેશિયાના કુઆલાલંપુરમાં યુએસ સેક્રેટરી ઓફ વોર પીટ હેગસેથ સાથે મુલાકાત કરી હતી. બેઠક દરમિયાન, બંને પક્ષોએ એક સંરક્ષણ માળખા પર હસ્તાક્ષર કર્યા જે બંને પક્ષોમાં પહેલાથી જ મજબૂત સંરક્ષણ ભાગીદારીમાં એક નવા યુગની શરૂઆત કરશે.

સંરક્ષણમંત્રીએ કહ્યું કે આ ભાગીદારી મુક્ત, ખુલ્લા અને નિયમો-આધારિત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ છે. તેમણે

ઉમેર્યું કે સંરક્ષણ માળખું ભારત-યુએસ સંરક્ષણ સંબંધોના સમગ્ર સ્પેક્ટ્રમ માટે નીતિ દિશા પ્રદાન કરશે.

શ્રી સિંહે કહ્યું કે તે બંને રાષ્ટ્રોના વધતા વ્યૂહાત્મક સમન્વયનો સંકેત છે અને ભાગીદારીના નવા દાયકાની શરૂઆત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR NDA MANIFESTO

ભાજપ અને જેડી(યુ)ની આગેવાની હેઠળના એનડીએ ગઠબંધને આજે પટનામાં બિહાર વિધાનસભા ચૂંટણી માટેનો પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો. જે યુવાનો, રોજગાર, કૌશલ્ય વિકાસ, ખેડૂતો, પછાત વર્ગો, દલિતો અને મહિલાઓના સશક્તિકરણ પર કેન્દ્રિત છે.

તેમાં આગામી પાંચ વર્ષમાં એક કરોડ સરકારી નોકરીઓ અને રોજગારનું નિર્માણ કરવાનું વચન આપવામાં આવ્યું છે. શાસક ગઠબંધને આર્થિક ઉત્થાન પહેલ દ્વારા એક કરોડ મહિલાઓને "લખપતિ દીદી" બનવા સક્ષમ બનાવવાનું પણ વચન આપ્યું છે.

ઢંઢેરામાં ગરીબો માટે 50 લાખ નવા પાકા મકાનો બનાવવા, નબળા જૂથો માટે સામાજિક સુરક્ષા પેન્શન સુનિશ્ચિત કરવા, સરકાર બન્યા પછી રાજ્યના ખેડૂતોને MSP ગેરંટી પૂરી પાડવા સહિતના વચનો આપવામાં આવ્યા છે.

આ સાથે મહાગઠબંધન સહિતનાં અન્ય પક્ષોએ પણ ચૂંટણીની તૈયારીઓ આરંભી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IND VS AUS T 20

ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની T20 ક્રિકેટ શ્રેણીની બીજી મેચ આજે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 1 વાગીને 45 મિનિટે શરૂ થશે. પહેલી મેચ વરસાદને કારણે વિલંબિત થઈ હતી, જેના કારણે મેચ રદ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMD WEATHER

હવામાન વિભાગે આજે ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદનું રેડ એલર્ટ આપ્યું છે.

આ સાથે બિહારમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ જ્યારે ઉત્તર પ્રદેશ, ગુજરાત અને આંદામાન અને નિકોબાર

ટાપુઓમાં ભારે વરસાદ થવાઈ શક્યતા વ્યક્ત કરી છે. ઝારખંડ, કોંકણ, ગોવા અને ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં પણ ભારે વરસાદની શક્યતા છે.

ઓડિશા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં વીજળી સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. દરમિયાન, હવામાન વિભાગે ચક્રવાત મોન્થા ઉત્તર છત્તીસગઢમાં લગભગ ઉત્તર તરફ આગળ વધવાની અને આગામી 24 કલાક દરમિયાન નબળું પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .